હોટ મિક્સ પ્લાન્ટના કર્મચારીઓની હડતાલ, માર્ગ સુધારણાની કામગીરી ઠપ્પ

કર્મચારીઓને લાંબા સમયથી કાયમી કરવા સહીત અન્ય સરકારી લાભો પણ મળ્યા નથી : રોષે ભરાયેલા કર્મચારીઓ લડત શરૂ કરી

ગાંધીનગર તા ૨૭

માર્ગ મકાન વિભાગના હોટ મિક્સ પ્લાન્ટના કર્મચારીઓને લાંબા સમયના અંતે પણ કાયમી કરાયા નથી જયારે જરૂરી સરકારી લાભો પણ મળ્યા ન હોવાથી કર્મચારીઓ આગ બબુલા બન્યા છે. આજે આ પ્લાન્ટના કર્મચારીઓએ હડતાલ કરીને

લડતની શરૂઆત કરી હતી.

માર્ગ મકાન વિભાગ હસ્તકના શિહોલી ગામની સીમમા હોટ મિક્સ પ્લાન્ટ કાર્યરત છે. મોટાભાગના કર્મચારીઓ ડ્રાઈવર અને હેલ્પર તરીકે ફરજ બજાવી રહ્યા છે. પ્લાન્ટની શરૂઆત કરવામાં આવી ત્યારથી વર્ષ ૧૯૯૨ થી કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓને કાયમી કરવા માટે લેબર કોર્ટ અને હાઈકોર્ટમાં પણ કર્મચારીઓની ફેવરમાં ચુકાદો આવ્યો હતો. પરંતુ સરકારની નીતિના લીધે હજુ સુધી આ કર્મચારીઓની કાયમી નિમણુંક થઈ નથી. હોટ મિક્સ પ્લાન્ટમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કાનાજી ઠાકોરે જણાંવ્યા મુજબ પ્લાન્ટમાં ટ્રીપર ડ્રાઈવર તરીકે ૯, ઓપરેટર ૧, લોડર ઓપરેટર, ૨ પ્લાન્ટ ઓપરેટર ૧, અને ૬ હેલ્પર ફરજ બજાવી રહ્યા છે. પ્લાન્ટની શરૂઆતથી જ તમામ કર્મચારીઓ ફરજ બજાવતા હોવાના લીધે મળતા લાભ સાથે કાયમી કરવા માટે માંગ ઉઠવા પામી હતી.

જેને અનુલક્ષી કાર્ટ રાહે પણ લડત આપવામાં આવી હતી. ૧૭ :૧૮ વર્ષ ૧૯૮૮ ના જી આર પ્રમાણે પાંચ વર્ષ પુર્ણ થયા હોય તેમને કાયમી નોકરીનો લાભ મળવો જોઈએ. કાયમી નોકરી અને સરકારી નોકરીનો લાભ જોતા અત્યાર સુધી ૩ કર્મચારીઓનુ મોત થયુ છે. જયારે બ વયનિવૃત થયા છે. જયારે ત્રણ કર્મચારીઓએ નોકરી ગુમાવી છે. હાલ ૧૨ કર્મચારીઓ હક્ક માટે લડી રહ્યા છે. જે આગામી ટુંકાગાળામાં વય નિવૃત થશે.

માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ નાયબ મુખ્યમંત્રી કક્ષાએથી પણ કોઈ નિર્ણય લેવાતો નથી જેને અનુલક્ષી આજથી હોટ મિક્સ પ્લાન્ટમાં કર્મચારીઓએ લડત આરંભી દીધી છે. હાલ કોબા અને સચિવાલયમાં પણ માર્ગ સુધારણાની કામગીરી અટવાઈ છે. આગામી દિવસોમાં આ કર્મચારીઓ દ્વારા વિભાગના ઉપયોગી કામો અટકાવી દેવાશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં દહેગામ અને માણસા

એ.પી.એમ.સી. અને સરકારી અનાજ ગોડાઉન, ગાંધીનગર ખાતે ટેકાના ભાવે મગફળી ખરીદીનો આરંભ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ત્રણ સેન્ટર ખાતે ખરીફ માર્કેટીંગ સિઝન અંતર્ગત ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે. મગફળી ખરીદીમાં ખેડૂતોને કોઈ તકલીફ ન પડે તે માટે જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આજ સુધીમાં ૩૭,૨૯૦ કિલોગ્રામ મગફળીની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી છે. તેમજ મગફળી રજીસ્ટ્રેશન પ્રક્રિયા અને ખરીદ પ્રક્રિયા અન્વયે ખેડૂતો દ્વારા કરવામાં આવતી ફરિયાદ માટે કંટ્રોલ પણ શરૂ કરવામાં આવ્યો છે. જેનો નંબર- ૦૭૯ ૨૩૨ ૫૬૭૨૦ છે.

જિલ્લા પુરવઠા અધિકારી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં સુચારું રૂપે મગફળીની ખરીદી થાય તે માટે જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ દરેક ખરીદી કેન્દ્ર પર વર્ગ-૨ કક્ષાના

અધિકારીની નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે તેમજ ખરીદ કેન્દ્ર ખાતે મગફળી ખરીદીના સર્વેલન્સ માટે ખરીદ કેન્દ્ર દીઠ એક સર્વેલન્સ સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. આ સર્વેલન્સ સ્કવોર્ડમાં વર્ગ-૧ ના અધિકારી અને પોલીસ અધિકારીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ દરેક ખરીદી કેન્દ્ર દીઠ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે.

ગઈકાલ તા. ૨૬મી ઓકટોબર, ૨૦૨૦ સુધીમાં દહેગામ એ.પી.એમ.સી. અને સરકારી અનાજ ગોડાઉન, સેકટર- ૨૮ ચરેડી પાસે, પેથાપુર, ગાંધીનગર ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. દહેગામ તાલુકામાં ૨૬૫૨, કલોલ તાલુકામાં ૩૮, ગાંધીનગર તાલુકામાં ૧૪૭૫ અને માણસા તાલુકામાં ૧૪૨૮ ખેડૂતોનું રજિસ્ટ્રેશન થયું છે. આજદિન સુધી કુલ ૩૭,૨૯૦ કિલોગ્રામ મગફળીની ખરીદી કરવામાં આવી છે. જેમાં દહેગામ એ.પી. એમ.સી.માં ૨૧,૬૯૦ કિલોગ્રામ મગફળી અને ગાંધીનગર નજીક આવેલા સરકારી અનાજના ગોડાઉન ખાતે ૧૫,૬૦૦ કિલોગ્રામ મગફળીની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી છે.

ખૂણેખાંચરેથી

- રજા પર ગયેલા જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય આજથી તેમની ફરજ પર હાજર થશે. નાદુરસ્ત તબિયતને લઈ તેઓ રજા પર ગયા હતા.
- ગાંધીનગર જિલ્લાના માણસા ખરીદ કેન્દ્ર પર આજે બીજે દિવસે પણ ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે ખેડૂતોએ આવવાનું ટાળ્યુ હતુ.
- જિલ્લામાં આજે ૧૯ ખેડૂતો દ્વારા ૧૨૨૩ બોરી મગફળીનું વેચાણ ટેકાના ભાવે કર્યુ હતુ.
- દિપાવલીના પર્વો પછી મહેસુલ વિભાગમાં બઢતી-બદલીના હુકમો થશે તેવી ચર્ચાએ સચિવાલયમાં જોર પકડ્યુ છે.
- જિલ્લામાં બાગાયતી પાકોનું વાવેતર વધે તે માટે મનરેગા અંતર્ગત કામગીરી થાય તેને લઈ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે ખાસ બેઠક યોજી હતી.
- ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૨૬ હજારથી વધુ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે. સે. ૨૧માં આજે ૨૬૫ એન્ટીજન ટેસ્ટ કરાયા હતા જેમાં ૮ પોઝીટીવ કેસ મળી આવ્યા હતા.

ઘરમાં રહો સુરક્ષિત રહો

ગાંધીનગરના સખી વન સ્ટોપ સેન્ટરની રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય ડૉ.રાજુલબેન દેસાઈએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સખી વન સ્ટોપ સેન્ટરની આજરોજ રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય

ડૉ.રાજુલબેન દેસાઈએ મુલાકાત લીધી હતી. તેમજ આયોગના સભ્ય ડૉ. રાજુલબેન દેસાઈએ મહિલા અને બાળ વિકાસ વિભાગનાં સચિવ વ કમિશ્નર મનિષા ચંદ્રાની મુલાકાત લીધી હતી. મહિલાઓનાં વિવિધ પ્રશ્નો તેમજ યોજના બાબતે ચર્ચા-વિર્મશ પણ કરી હતી.

સખી વન સ્ટોપની મુલાકાત દરમ્યાન ગાંધીનગર જિલ્લાના મહિલા અને બાળ અધિકારી નીતાબેન ગામીતે તેમને જણાવ્યું હતું કે સખી-વન સ્ટોપ સેન્ટરનો હેતુ કોઈ પણ પ્રકારથી હિંસાથી પીડીત-શોષિત મહિલાને એક જ છત્ર નીચે તાત્કાલિક તમામ પ્રકારની સુવિધા જેવી કે તબીબી સેવા, પરામર્શ, પોલીસ સેવા, આશ્રય અને સંસ્થાકિય મદદ પુરી પાડવાનો છે. સખી-વન સ્ટોપ સેન્ટર ગાંધીનગર દ્વારા જાન્યુઆરી-૨૦૨૦ થી ઓક્ટોબર-૨૦૨૦ સુધી ઘરેલું હિંસા, રેપ કેસ, માનસિક રીતે અસ્થિર મગજની, ગુમ થયેલ, પોક્સો, જેવી વિવિધ પ્રકારની

હિંસાથી પિડીત ૬૬ મહિલાઓને મદદ કરવામાં આવી છે.

ત્યારબાદ રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય ડૉ. રાજુલબેન દેસાઈએ ગાંધીનગર ખાતે આવેલ સખી-વન સ્ટોપ સેન્ટરની મુલાકાત લઈ સેન્ટરની તમામ કામગીરી નિહાળી હતી. તેમજ કામગીરીની સમીક્ષા કરી યોજનાની માહિતી વધુમાં વધુ મહિલાઓ સુધી પહોચે તેવી રીતે પ્રચાર-પ્રસારની કામગીરી કરવા માટે પણ સૂચન કર્યું હતું.

રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય ડૉ. રાજુલબેન દેસાઈએ સખી-વન સ્ટોપ સેન્ટર દ્વારા પુનઃ સ્થાપન થયેલ બાળકીના પિતા સાથે ટેલિફોનિક વાતચીત પણ કરી હતી. સખી-વન સ્ટોપ સેન્ટરમાં કરેલ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરી સેન્ટરના કર્મચારીઓ દ્વારા કરેલ કામગીરીને બિરદાવી હતી. ભવિષ્યમાં પણ સેન્ટર અવિરતપણે હિંસાથી પીડિત મહિલાઓને મદદ કરવા સતત તત્પરીય રહી પોતાની સેવા પૂરી નિષ્ઠાની પૂર્ણ કરવા જણાવ્યું હતું. સખી-વન સ્ટોપ સેન્ટરની મુલાકાત પ્રંસગે મહિલા અને બાળ અધિકારી નીતાબેન ગામી તેમજ દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી હીનાબેન ચૌધરી તેમજ સેન્ટરના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નરેશ કનોડીયાને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પૂર્વ ધારાસભ્ય અને ગુજરાતી ફિલ્મ જગતના ખ્યાતનામ અભિનેતા નરેશ કનોડિયાના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી સદગતને શ્રદ્ધાંજલી પાઠવી છે.

મુખ્યમંત્રીએ સ્વ. નરેશ કનોડિયાએ ગુજરાતી ચલચિત્ર જગતમાં અભિનયના ઓજસ પાથરીને દસકાઓ સુધી લોક માનસમાં એક આગવું સ્થાન મેળવેલું તેનું સ્મરણ કરતાં કહ્યું છે કે તેમનું આ યોગદાન ગુજરાતી ચલચિત્ર જગતમાં સદાકાળ અવિસ્મરણીય બની રહેશે. વિજયભાઈ રૂપાણીએ દિવંગત આત્માની પરમ શાંતિની પ્રાર્થના કરીને તેમના શોકાતુર પરિવારજનોને દિલસોજી પણ પાઠવી છે.

અડાલજ બગ્ગા પેટ્રોલ પંપ પાસે કારમાંથી લેપટોપની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૭

અડાલજ નજીક આવેલા બગ્ગા પેટ્રોલ પંપ પાસે કારમાંથી કોઈ ચોર ઈશમ પાછળનો દરવાજો ખોલીને લેપટોપ અને રોકડા ૮ હજાર મળી કુલ રૂ.૪૨ હજાર મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ કલોલ ખાતે રહેતા બળદેવભાઈ ભીખાભાઈ પ્રજાપતિ (ઉં.૪૧)અમદાવાદની ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. તા.૨૦ ઓકટોબરના રોજ સવારે ૯ કલાકે નોકરી જવા માટે નીકળ્યા હતા. ત્યારે અડાલજ પાસે ગાડીમાં પંકચર પડ્યું હોય તેમ લાગતા અડાલજ બગ્ગા પેટ્રોલ પંપ પાસે પંકચર માટે ઉભા રહ્યા હતા. તે સમય દરમિયાન કોઈ ગઠીયો તેમની કારમાં પાછળની સીટમાં રહેલી બેગ ઉઠાવી ગયો હતો. પંકચર કરાવ્યા બાદ તેઓ ગાડીમાં નજર કરતા બેગ ગુમ હતી.

જેમાં રોકડા રૂ.૮ હજાર તેમજ લેપટોપ, હાર્ડ ડીસ્ક, ૩ પેઈન ડ્રાઈવ, સહિત વિવિધ બેંકની પાસબુક, ઓફિસની ચાવી મળી કુલ રૂ.૪૨ હજારની મતાની ચોરી થઈ હતી. જો કે બગ્ગા પેટ્રોલ પંપ પર લાગેલા સીસીટીવ કેમેરા ચેક કરતા તેમાં એક શખ્સ ડ્રાઈવરની પાછળની સાઈડનો દરવાજો ખોલી બેગ ઉઠાવતો નજરે પડે છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

આઈ.આઈ.બી.એફ.ની ઓનલાઈન પરીક્ષા પાસ કરનાર સ્વ-સહાય જૂથની મહિલાઓને પ્રમાણપત્ર અપાયા

ગાંધીનગર, તા. ૨૭

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, રૂપાલ દ્વારા NRLM યોજના અંતર્ગત " Mission One GP One BC Sakhi" કાર્યક્રમ થકી રોજગારી આપવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લાના સ્વ- સહાય જૂથની બેહેનોને તાલીમ આપવામાં આવી હતી. તાલીમ બાદ યોજાયેલ પરીક્ષામાં ઉત્તર્ણીય થનાર મહિલાઓને આજરોજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાનના હસ્તે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા.

બરોડ સ્વરોજગાર વિકાસ સંસ્થાન, રૂપાલ દ્વારા તા. ૨૧ થી ૨૬ ઓકટોબર દરમ્યાન ઇન્સ યોજના અંતર્ગત " Mission One GP One BC Sakhi" તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ મહિલાઓએ ભાગ લીધો હતો. તાલીમ મેળવેલ મહિલાઓ દ્વારા આઈ.આઈ.બી.એફ.ની ઓનલાઈન પરીક્ષા પાસ કરી છે. પરીક્ષા પાસ કરનાર મહિલાઓ ગ્રામ્યકક્ષાએ બિઝનેશ કોરસપોન્ડન્ટ તરીકે ફરજ બજાવશે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં બેકિંગ સેવાઓ પણ આપશે. આ સેવા થકી તેઓ પોતાની આજીવિકા સન્માનભેર મેળવી શકશે.

આજરોજ ઓનલાઈન આઈ.આઈ.બી.એફ.ની પરીક્ષા પાસ કરનાર ૧૪ મહિલાઓને પ્રમાણપત્ર વિતરણ કરવાનો સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા લાઈવલીહુડ મેનેજર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના જિતેન પારેખ, આસિટન્ટ પ્રોજેક્ટ મેનેજર, સંગીતાબેન અને બરોડા આરસેટી નિયામક પ્રદિપ ધોધરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

કોલવડામાં મંદિરમાં થયેલ ચોરી અંગે ફરિયાદ

જોગણી માતા અને ગોગા મહારાજના મંદિર ખાતે લોકડાઉનના સમય દરમિયાન ચોરી થવા પામી હતી

લોકડાઉન સમયગાળા દરમિયાન ગાંધીનગર શહેર નજીક આવેલા કોલવડા ગામના જોગણી માતાના મંદિરે તેમજ ગોગા મહારાજ મંદિર ખાતે ચોરી થઈ હતી. જેમાં ગોગા મહારાજના મંદિરમાંથી સોનાના બે તોલાના છત્તર કિં.૯૦ હજાર તેમજ જોગણી માતાના મંદિરમાંથી બે લાખ રૂપીયાથી વધુ સવા છ કિલો ચાંદીના વજનના વિવિધ દાગીનાની ચોરી થઈ છે. પરંતુ મંદિરોની પ્રતિષ્ઠાને નુકશાન ન પહોંચે તે માટે ગ્રામજનોએ ચોરી અંગે ફરીયાદ નોંધાવી ન હતી. પરંતુ નવરાત્રીમાં સમયે ગ્રામજનો એકઠા થઈને વિચાર-વિમર્શ કર્યા બાદ આ અંગે પોલીસ ફરીયાદ નોંધાવવા પામી છે. પેથાપુર પોલીસ મથકે બંને ચોરી અંગે અલગ અલગ ફરીયાદ નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોલવડા ગામના ગલાબબાપાના માઢમાં રહેતા ધીરજસિંહ જશવંતસિંહ વાઘેલા માર્ચ માસમાં લોકડાઉનને પગલે તેઓ ખેતરમાં જતા ન હતા. ગત તા.૧૫ એપ્રિલના રોજ તેઓ મંદિરમાં ગયા હતા, ત્યારે જોયુ તો મંદિરના દરવાજાનું તાળુ તુટેલી હાલતમાં હતું.મંદિરમાં જઈને તપાસ કરતા માતાજીને ચઢાવેલા દાગીના ગાયબ હતા. જેમાં ચાંદીના નાના-મોટા ૫ છત્તર, ચાંદીનો ગરબો, ચાંદીનું પાયણું, ચાંદીનો ગ્લાસ, પાદુકા, અને લક્ષ્મીજીની મૂર્તિ મળી કુલ રૂ. ૨,૧૮,૭૫૦ ના સવા છ કિલો વજનના ચાંદીના દાગીના ગુમ હતા. જેથી તેઓએ પોતાના ભાઈઓને ચોરી અંગે વાત કરી હતી. તેઓએ અંદરોઅંદર ચર્ચા કરીને ફરીયાદ ન કરવા નક્કી કર્યુંહતું. તેઓને એમ હતું કે પોલીસ ફરીયાદ કરીશુ તો માતાજીની પ્રતિષ્ઠા જશે તેવો તેમનો વિચાર હતો. નવરાત્રીના સમયે ફરીયાદીના ભાઈઓ તેમજ ગ્રામજનો એકઠા થઈને આ અંગે વિચાર વિમર્શ કરીને ફરીયાદ કરવાનું નક્કી કર્યું હતું.જેથી મંદિરમાં ચોરી મુદ્દે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

જયારે બીજા બનાવમાં કોલવડા આશાપુરાનગર સોનીપુર માર્ગ પર રહેતા લકીરાજસિંહ પ્રવિણસિંહ રાણાએ ફરીયાદ નોંધાવી છે કે તેમના ઘર પાસે આવેલ ગોગા મહારાજનું મંદિર આવેલું છે. લોકડાઉનના સમયગાળા દરમિયાન મંદિરમાં ખાસ કોઈની આવન જાવન ન હતી. ત્યારે તા.૧૦ એપ્રિલના રોજ તેઓ મંદિર ખાતે ગયા હતા. ત્યારે મંદિરના દરવાજાનું લોક તુટેલી હાલતમાં હતું. જેથી મંદિરમાં જઈને તપાસ કરતા રૂ.૯૦ હજારની કિંમતના સોનાના બે છત્તર ચોરી થયા હોવાનું લખાવ્યું છે. કોલવડા ગામના બે મંદિરમાં ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ઝીણવટભરી રીતે તપાસ હાથ ધરી છે.